For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણી સવારે 7 થી 1 દરમિયાન ઉત્સાહભેર 30 ટકા મતદાન થયું

# $43^0$ કાળઝાળ ગરમી વચ્ચે 52.56% મતદાન

**2021ની** ચૂંટણીના 47.84% સામે આ વખતે મતદાનમાં 4.72% નો નોંધપાત્ર વધારો થયો

**બે બેઠકો** બિનહરીફ, 74 બેઠકો માટે 258 ઉમેદવારોનું નસીબ 28 એપ્રિલએ ખુલશે





(પ્રતિનિધિ) વડોદરા. તા.26

વડોદરા મહાનગરપાલિકાની 74 બેઠકો માટે રવિવારે યોજાયેલી ચૂંટણીમાં શહેરના મતદારોએ કાળઝાળ ગરમીને બાજુ પર રાખી લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારથી જ મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી, જે સાંજ સુધી યથાવત રહી હતી. આજના મતદાન સાથે મનપાના 258 ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય EVM મશીનોમાં સીલ થઈ ગયું છે, જેનું પરિણામ મંગળવાર, 28 એપ્રિલે જાહેર થશે.

ગતરોજ 26 એપ્રિલ, રવિવારના રોજ સવારના સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો હતો. પ્રારંભિક તબક્કે મતદાનની ગતિ ધીમી હતી, પરંતુ જેમ-જેમ દિવસ આગળ વધ્યો તેમ મતદારોનો પ્રવાહ વધતો ગયો હતો. અગિયાર વાગ્યા બાદ સૂર્યનારાયણે આકરૂં સ્વરૂપ ધારણ કર્યું હતું અને બપોરના સમયે કાળઝાળ ગરમી પડી હતી, તેમ છતાં મતદારોનો ઉત્સાહ ઓસર્યો નહોતો. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોમાં મતદાન કરવા માટે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ચૂંટણી પંચના આંકડા મુજબ, સાંજે 6 વાગ્યા સુધીમાં વડોદરામાં સરેરાશ 52.56% મતદાન નોંધાયું હતું. નોંધનીય છે કે, વર્ષ 2021ની ચૂંટણીમાં 76 બેઠકો પર સરેરાશ 47.84% મતદાન થયું હતું, જેની સરખામણીએ આ વખતે મતદાનમાં સંતોષકારક વધારો જોવા મળ્યો છે.

30 વર્ષથી સત્તામાં રહેલા ભાજપા સામે નાગરિકોનો આક્રોશ અને સામે પક્ષે સંગઠન વિહોણી કોંગ્રેસ વચ્ચેની આ ચૂંટણી ભારે ચર્ચાનો વિષય રહી હતી. શહેરના 19 વોર્ડમાંથી 2 બેઠકો બિનહરીફ જાહેર થયા બાદ બાકીની 74 બેઠકો માટે ખરાખરીનો જંગ ખેલાયો હતો. કોંગ્રેસના ગઢ ગણાતા વોર્ડ નં. 1 માં સવારથી જ મતદારોની ભારે ભીડ જોવા મળી હતી, જે રાજકીય વિશ્લેષકો માટે કુતૂહલનો વિષય બન્યો છે.

## વોર્ડ નંબર 14 માં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર હોબાળો થતાં તંગદિલી



**પોલીસ** કાફલો દોડી જતાં મામલો થાળે પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજે શહેરભરમાં મતદાન શાંતિપૂર્ણ વાતાવરણમાં શરૂ થયું હતું અને સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ બપોરના સમયે વોર્ડ નંબર 14માં અચાનક રાજકીય ગરમાવો વધતા મતદાન મથક પર તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું. મતદાન ચાલી રહ્યું હતું ત્યારે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોલાચાલી થતાં પરિસ્થિતિ ઉગ્ર બની ગઈ હતી અને થોડા સમય માટે હોબાળો મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ, મતદાન મથકની આસપાસ પ્રચાર અને મતદારોને પ્રભાવિત કરવા મુદ્દે બંને પક્ષના કાર્યકરો આમને-સામને આવી ગયા હતા. શરૂઆતમાં થયેલી સામાન્ય બોલાચાલી જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. બંને પક્ષના સમર્થકો મોટી સંખ્યામાં એકત્ર થતા પરિસ્થિતિ તંગ બની ગઈ હતી અને મતદાન મથક પર દોડધામ મચી ગઈ હતી. આ ઘટનાની અસરરૂપે થોડાક સમય માટે મતદાન પ્રક્રિયા પણ પ્રભાવિત થઈ હતી.

ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધર્યા હતા. પોલીસે બંને પક્ષના કાર્યકરોને સ્થળ પરથી વિખેરી નાખ્યા હતા અને મતદાન મથક પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ત્યારબાદ મતદાન પ્રક્રિયા ફરીથી નિયમિત રીતે શરૂ કરવામાં આવી હતી.

## 2021માં માત્ર 7 બેઠકો મેળવનાર વિપક્ષ માટે અસ્તિત્વની લડાઈ, ભાજપને પડકાર

**જૂના** આંકડા અને નવા વાયદા વચ્ચે મતદારોનો ફેંસલો સીલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.26

વડોદરામાં આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણી 2026 અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, જોકે બપોરના સમયે કાળઝાળ ગરમીને કારણે મતદાનની ગતિ ધીમી પડી હતી.

વર્ષ 2021મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે એકહથ્થુ શાસન જાળવી રાખ્યું હતું. કુલ 76 બેઠકોમાંથી ભાજપે 69 બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હતો, જ્યારે કોંગ્રેસ માત્ર 7 બેઠકો પર સમેટાઈ ગઈ હતી. આમ આદમી પાર્ટી અને અન્ય અપક્ષોએ ખાતું ખોલાવવાના પ્રયાસો કર્યા હતા પરંતુ મતદારોએ પરંપરાગત પક્ષો પર જ ભરોસો મૂક્યો હતો. 2021માં વડોદરામાં સરેરાશ 47.84% જેટલું મતદાન નોંધાયું હતું, જેમાં ભાજપને 57.1% અને કોંગ્રેસને 34.98% લોકમતો મળ્યા હતા.

આ વર્ષે 2026ની ચૂંટણીમાં વડોદરામાં મતદાનની ટકાવારીમાં વધારો જોવા મળ્યો છે. સાંજે 6 વાગ્યા સુધીમાં વડોદરા કોર્પોરેશન વિસ્તારમાં 52.56% મતદાન નોંધાયું છે. જે ગત ચૂંટણી કરતા 4.72% જેટલું વધારે છે. આ વખતે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ, રસ્તા, પાણી અને ગંદકી જેવા સ્થાનિક મુદ્દાઓ પ્રચારમાં છવાયેલા રહ્યા હતા. ભાજપ પોતાની સત્તા ટકાવી રાખવા મક્કમ છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પરિવર્તનના નામે મતો માંગ્યા છે.

વડોદરાના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારોમાં મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી, જ્યારે જૂના શહેરના વિસ્તારોમાં પણ મતદારોમાં જાગૃતિ દેખાઈ હતી. વરિષ્ઠ નાગરિકો અને પ્રથમ વખત મતદાન કરતા યુવાનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. હવે જોવાનું એ રહેશે કે 2021ની જેમ કેસરિયો લહેરાશે કે પછી વિપક્ષ કોઈ નવો ચમત્કાર સર્જશે.

## માંજલપુરમાં EVM ખોટકાયું, કલાકો સુધી મતદાન ઠપ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વડોદરામાં આજે વહેલી સવારથી મતદાન શરૂ થયું હતું. મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ માંજલપુરની અંબે સ્કૂલના મતદાન મથકે તંત્રની બેદરકારી સામે આવી. રૂમ નંબર 30 માં EVM મશીન ખોટકાતા મતદાન પ્રક્રિયા લાંબા સમય સુધી અટકી પડી અને મતદારોમાં ભારે રોષ ફેલાયો. સવારે 7 વાગ્યે મતદાન શરૂ થયા બાદ થોડા જ સમયમાં મશીનમાં ટેકનિકલ ખામી સર્જાઈ. લાંબી લાઈનમાં ઉભેલા વરિષ્ઠ નાગરિકો અને યુવાઓને કલાકો સુધી રાહ જોવી પડી. ગરમી અને ગેરવ્યવસ્થાને કારણે મતદારોનો સંયમ ખૂટ્યો અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો. ટેકનિકલ ટીમ દ્વારા મશીન સુધારવાના પ્રયાસો નિષ્ફળ જતા નવું EVM મંગાવવું પડ્યું. પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસ તૈનાત કરાઈ. વિલંબને કારણે અનેક મતદારો મતદાન કર્યા વગર જ પાછા ફર્યા, જેના કારણે મતદાન ટકાવારી પર અસર થવાની શક્યતા છે.

## અલકાપુરીની એમ.કે. હાઈસ્કૂલમાંથી સુવિધાને અભાવે વરિષ્ઠ નાગરીકો મતદાન વિના પરત ફર્યા

**નારાજ** મતદારોએ વહીવટી તંત્ર અને રાજકીય પક્ષોની ઝાટકણી કાઢી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરામાં ચૂંટણીના માહોલ વચ્ચે અલકાપુરી વિસ્તારની એમ.કે. હાઈસ્કૂલ ખાતે આવેલા મતદાન મથકે મતદારોમાં ભારે રોષ અને નારાજગી જોવા મળી હતી. વહેલી સવારથી ઉત્સાહભેર મતદાન કરવા પહોંચેલા નાગરિકોને વહીવટી તંત્રની બેદરકારી અને અપૂરતી વ્યવસ્થાના કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પરિણામે અનેક મતદારો મતદાન કર્યા વગર જ પરત ફર્યા હતા.

મતદાન મથક પર પાયાની સુવિધાઓનો અભાવ હોવાનો મતદારોએ આક્ષેપ કર્યો હતો. મતદાન કર્મચારીઓ દ્વારા યોગ્ય માર્ગદર્શન ન મળતા મતદારો ભટકાતા રહ્યા હતા. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોએ જણાવ્યું કે, તેઓ એક રૂમમાંથી બીજા રૂમમાં ફેરવાતા રહ્યા છતાં સ્પષ્ટ માહિતી ન મળતા અંતે મતદાન કર્યા વગર જ પાછા ફરવું પડ્યું હતું.



સ્થાનિક રહેવાસીઓમાં તંત્ર ઉપરાંત રાજકીય ઉમેદવારો પ્રત્યે પણ આક્રોશ જોવા મળ્યો હતો. સિક્કાનગર સોસાયટીના રહીશોએ જણાવ્યું કે ચૂંટણી દરમિયાન કોઈ ઉમેદવાર તેમની સમસ્યાઓ જાણવા આવ્યો નથી. મતદારોનો આક્ષેપ હતો કે ઉમેદવારો માત્ર મોટા નેતાઓના નામે મત માંગે છે, પરંતુ સ્થાનિક પ્રશ્નોમાં રસ દાખવતા નથી.

આ ઉપરાંત અનેક મતદારો સુધી વોટર સ્લિપ પહોંચી નહોતી. આધાર કાર્ડ સાથે આવેલા મતદારોને યાદીમાં નામ શોધવામાં પણ સહકાર મળ્યો નહોતો. કેટલાક મતદારોને પોતાની જહેમતથી પ્રક્રિયા પૂર્ણ કરવી પડી હતી. લોકોએ ચેતવણી આપી કે જો સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે તો તેઓ તંત્ર સામે વિરોધ કરશે. અલકાપુરી જેવા પોશ વિસ્તારમાં સર્જાયેલી આ અવ્યવસ્થાએ ચૂંટણી તંત્રની તૈયારી પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે.

## બપોરે આયુર્વેદિક કોલેજના દરવાજા બંધ થતા વિવાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના પાણી વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 15માં સવારથી મતદાન શાંતિપૂર્ણ રીતે શરૂ થયું હતું, પરંતુ બપોર બાદ અચાનક મતદાન મથક તરીકે નિર્ધારિત આયુર્વેદિક કોલેજના દરવાજા બંધ કરી દેવાતા તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી. દરવાજા બંધ થતા મતદારોને મતદાન કરવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતા કોંગ્રેસના ઉમેદવાર આશિષ જોષી તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે દરવાજા બંધ કરવાનો કારણ પૂછતાં તંત્ર પર સવાલો ઉઠાવ્યા અને જણાવ્યું કે મતદારોને અનાવશ્યક રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. તેમની દખલ બાદ દરવાજા ફરી ખોલાવવામાં આવ્યા હતા, જેથી મતદારોને રાહત મળી હતી. આશિષ જોષીએ આક્ષેપ કર્યો હતો કે સરકારી તંત્ર ખરેખર મતદાન વધારવા માંગે છે કે પછી જાણતા હેતુપૂર્વક મતદાન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું છે, તે અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.

## મતદાન મથક દૂર આવતા અનેક મતદારો મતદાનથી અળગા રહ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સ્થાનિક સ્વરાજની આ વખતની ચૂંટણીમાં કેટલીક બેદરકારીઓને કારણે મતદારોમાં નિરાશા જોવા મળી હતી. ખાસ કરીને સિનિયર સિટીજનોમાં રોષ જોવા મળ્યો હતો. બીજી તરફ અંદરો અંદરની લડાઈમાં કેટલાક વિસ્તારોમાં મતદાન કેન્દ્રની સ્લીપો મતદાર સુધી પહોંચી ન હતી. તો કેટલાક મતદારો સ્લીપ વિના મતદાન કેન્દ્રો પર આધાર કાર્ડ ચૂંટણી કાર્ડ સહિતના દસ્તાવેજો લઈ મતદાન માટે પહોંચ્યા હતા. જોકે મતદાર યાદીમાં તેઓનું નામ જ નહીં હોવાથી ધક્કો પડતા એવા મતદાતાઓએ પણ મતદાન કર્યું ન હતું. જ્યારે સૌથી ચોંકાવનારી બાબત એ છે કે શહેરના કોયલી ફળિયા અને કાલુપુરામાં કેટલાક પરિવારોને તેમના નિવાસ્થાનેથી લાંબા અંતરે મતદાન કેન્દ્ર ફાળવતા આવા પરિવારોએ પણ મતદાન કરવાનું ટાળ્યું હતું. જે લોકો વર્ષોથી મતદાન મારો અધિકારના સૂત્ર સાથે મતદાન કરી રહ્યા હતા. તેવા મતદારો આજે તંત્રની બેદરકારીને કારણે મતદાન કરી શક્યા ન હતા.

## માંજલપુરમાં બેનર મુદ્દે ભાજપ-કોંગ્રેસના કાર્યકરો આમને સામને



(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરાના માંજલપુર વિસ્તારમાં સ્મશાન નજીક આવેલી લિટલ ફ્લાવર સ્કૂલ બહાર ભાજપના બેનરને લઈને ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. બંને પક્ષના કાર્યકરો ઉગ્ર બનીને સામસામે આવી જતા સ્થળ પર હંગામો મચ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક દોડી આવી અને બંને પક્ષોને સમજાવી મામલો શાંત પાડ્યો હતો. સમયસર પોલીસે હસ્તક્ષેપ કરતા મોટી અણબનાવની સ્થિતિ ટળી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં થોડીવાર માટે ચકચાર ફેલાઈ ગઈ હતી, પરંતુ હાલ પરિસ્થિતિ કાબૂમાં હોવાનું પોલીસે જણાવ્યું છે.

## મોબાઈલ પર પ્રતિબંધના અમલીકરણમાં બેવડા ધોરણથી ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરામાં આજે મતદાન દરમિયાન વિવાદાસ્પદ સ્થિતિ જોવા મળી હતી. ચૂંટણી પંચના નિયમો મુજબ સામાન્ય મતદારોને મોબાઈલ ફોન અંદર લઈ જવાની મનાઈ રાખવામાં આવી હતી, જેના કારણે વૃદ્ધો, મહિલાઓ અને નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલી પડી હતી. ઘણા મતદારોને બહાર ફોન રાખવા પડતા સુરક્ષાની ચિંતા પણ ઉભી થઈ હતી. બીજી તરફ, રાજકીય નેતાઓ અને ઉમેદવારોને પોલિંગ બૂથની અંદર ફોન સાથે પ્રવેશ અને ફોટોગ્રાફી કરવાની છૂટ મળતી જોવા મળી હતી. નિયમોનું આ ભેદભાવભર્યું અમલીકરણ લોકોને નારાજગી તરફ દોરી ગયું હતું. મતદારોમાં પ્રશ્ન ઉઠ્યો કે શું નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ છે? કતારમાં ઉભેલા લોકોએ આને ચૂંટણી તંત્રના બેવડા ધોરણ ગણાવ્યા હતા. હવે પ્રશ્ન એ છે કે તંત્ર આ મામલે કોઈ કાર્યવાહી કરશે કે નહીં. આ સમગ્ર મામલે જિલ્લા ચૂંટણી તંત્રની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. શું ચૂંટણી તંત્ર આ મામલે તપાસ કરીને કડક કાર્યવાહી કરશે કે પછી આ 'વીઆઈપી કલ્ચર' ને પોષણ મળતું રહેશે ?

## ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ પર હોમગાર્ડની દબંગગીરી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરામાં ચૂંટણીને લઈ લોકો વહેલી સવારથી જ મતદાન મથકો પર પહોંચ્યા હતા. વૃદ્ધ મતદારો પણ પોતાના સ્વજનો સાથે વહેલી સવારે જ મત આપવા માટે પહોંચી ગયા હતા. લોકશાહીના આ પર્વમાં યુવાનો થી લઈને વડીલો સુધી સૌમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન પ્રક્રિયા આગળ વધી રહી હતી. જોકે શહેરના વોર્ડ નંબર 7માં ભાગ 15 ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ મતદાન કેન્દ્ર ખાતે હોમગાર્ડ જવાનની મનમાની જોવા મળી હતી. વહેલી સવારે જૂજ મતદારો વચ્ચે એક વૃદ્ધ મતદાર પોતાના પૌત્ર સાથે ટેકાના સહારે અહીં મત આપવા માટે પહોંચ્યા હતા. જોકે હોમગાર્ડના જવાને મતદારના પૌત્ર સાથે ધક્કામુક્કી કરી હતી અને તેને અહીં નહિ બહાર જતા રહેવા કહ્યું હતું. જેના કારણે પૌત્ર પણ રોષે ભરાયો હતો અને બંને વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી. આ દ્રશ્ય જોઈ અન્ય મતદારોમાં પણ હોમગાર્ડ જવાનના આ પ્રકારના વલણને લઈ રોષ ફેલાયો હતો.

**વડોદરા જિ.પંચાયત**

| | કુલ મતદારો | મતદાન | |
|---|---|---|---|
| વડોદરા જિ.પંચાયત | 169811 | 116331 | 71.17% |

**વડોદરા તા.પં. 72.34% મતદાન**

| | કુલ મતદારો | મતદાન | |
|---|---|---|---|
| પાદરા | 169115 | 129323 | 76.47% |
| કરજણ | 71409 | 48787 | 68.32% |
| શિનોર | 46712 | 33796 | 72.35% |
| સાવલી | 125301 | 91946 | 73.38% |
| ડેસર | 42463 | 29445 | 69.34% |
| ડભોઈ | 85117 | 63286 | 74.35% |
| વાઘોડિયા | 84401 | 61686 | 73.09% |

**નગર પાલિકા 76.25% મતદાન**

| | કુલ મતદારો | મતદાન | |
|---|---|---|---|
| ડભોઈ | 35965 | 27133 | 75.44% |
| પાદરા | 22698 | 16558 | 72.95% |
| સાવલી | 11077 | 8756 | 79.05% |
| વાઘોડિયા | 13583 | 11089 | 81.64 ટકા |





**સૌથી વધુ વોર્ડ નં.14માં 61.94%**
**સૌથી ઓછું વોર્ડ નં.11માં 44.74%**

| | કુલ મતદારો | મતદાન | |
|---|---|---|---|
| વોર્ડ નં.1 | 62797 | 38227 | 60.87% |
| વોર્ડ નં.2 | 54659 | 25801 | 47.20% |
| વોર્ડ નં.3 | 51045 | 25184 | 49.34% |
| વોર્ડ નં.4 | 59109 | 28117 | 47.57% |
| વોર્ડ નં.5 | 59345 | 31665 | 53.36% |
| વોર્ડ નં.6 | 64718 | 36258 | 56.02% |
| વોર્ડ નં.7 | 58662 | 33324 | 56.81% |
| વોર્ડ નં.8 | 70325 | 37833 | 53.80% |
| વોર્ડ નં.9 | 75253 | 37823 | 50.26% |
| વોર્ડ નં.10 | 86565 | 44656 | 51.59% |
| વોર્ડ નં.11 | 68415 | 30610 | 44.74% |
| વોર્ડ નં.12 | 70395 | 33800 | 48.08% |
| વોર્ડ નં.13 | 52842 | 29919 | 56.62% |
| વોર્ડ નં.14 | 59794 | 37037 | 61.94% |
| વોર્ડ નં.15 | 60911 | 37652 | 61.81% |
| વોર્ડ નં.16 | 67176 | 37011 | 55.10% |
| વોર્ડ નં.17 | 53646 | 24217 | 45.14% |
| વોર્ડ નં.18 | 62050 | 32422 | 52.25% |
| વોર્ડ નં.19 | 70442 | 33480 | 47.53% |
| | 1208149 | 635036 | કુલ 52.56% |

**વર્ષ 2021 : 47.84% મતદાન**

**ભાજપ - 69 / કોંગ્રેસ 7 બેઠક**